પોતાની જાતે પોતાનો પગાર કે ભથ્થાં જેવી સગવડો મંજૂર કરી લેતા આપણા ધારાસભ્યો અને સાંસદોએ આ પ્રશ્ને ગંભીર થઈ વિચારવું પડશે. આમાં કોઈ રાજકીય મતભેદો કે ટીકાનો પ્રશ્ન નથી. આવા પ્રશ્ને રાષ્ટ્રીય સર્વસંમતિ બનવી જોઈએ અને સુનિશ્ચિત કાર્યક્રમ ઘડાવો જોઈએ.



# બાળલકવો ગૌરવ કુપોષણ શરમ

**મણિલાલ એમ.** પટેલ

આઝાદી પછી આપણો અગ્રતાક્રમ સાવ ખોટો પકડાયો છે જે હજુયે ચાલુ છે. આપણે વિશ્વની મહાસત્તા બનવા તરફ જઇ રહ્યા હોઇએ યા યુનોમાં સ્થાન મળે પણ દેશમાં ૪૨ ટકા બાળકો કુપોષણનો શિકાર હોય તે વાત ખુદ વડાપ્રધાન સ્વીકારે ત્યારે શરમજનક ઘટના છે.

ભારતમાં એક જમાનામાં નિરક્ષરતાનું પ્રમાણ ઘણું ઓછું હતું. અને અસ્વચ્છતાનું પ્રમાણ વધુ હતું આજે બંને સ્તરમાં સુધારો થયો છે, છતાં ગરીબી, બેકારી, અજ્ઞાનતા અને અંધશ્રદ્ધાને કારણે આજેય કુપોષણ આપણી રાષ્ટ્રીય શરમ બની છે.

એક જમાનામાં શીતળા અને બાળલકવો આપણા બાળ આરોગ્યની વિકટ સમસ્યાઓ હતી. આજે કુપોષણ આપણી મોટી સમસ્યા છે. આને કારણે વર્ષોથી નિયંત્રણમાં આવેલા ક્ષયરોગે દેશમાં પુનઃ ચિંતાની હદે માથું ઊંચક્યું છે. અને ટીબીનું પ્રમાણ વધ્યું છે. કુપોષણને કારણે બાળપણથી જ બાળક નબળું રહે છે. પરિણામે તેનો શારીરિક માનસિક વિકાસ પૂરતા પ્રમાણમાં થતો નથી બીજી બાજુ વ્યાપક બેકારી અને મોંઘવારીને કારણે મા-બાપ બાળકોને પોષણક્ષમ ખોરાક પૂરો પાડવા સમર્થ નથી. ક્યાક ખાવાપીવા અંગેનું અજ્ઞાન માહિતીનો અભાવ, અંધશ્રદ્ધા પણ કુપોષણ માટે જવાબદાર છે. ફોર્બ્સની યાદીમાં ભારતીય અબજપતિઓ અને કરોડપતિઓની યાદી વધતી જોઇને આપણે રાજીના રેડ થઇ જઇએ છીએ પણ આપણી પ્રતિષ્ઠા આપણી ભાવિ પેઢી નબળી કે બીમાર હશે તેનાથી ખરડાશે એટલું જ નહીં દેશના વિકાસને પણ અસર થશે.

પ્રશ્ન માત્ર ગરીબ પરિવારોનો નથી. સુખી-સંપન્ન, મધ્યમવર્ગ કે નોકરિયાત વર્ગ પણ જમવાની અનિયમિતતા અને ફાસ્ટ ફૂડનો શિકાર બનતો જાય છે. તેના ખોરાકમાં પોષણક્ષમતા કરતાં સ્વાદને વધુ મહત્ત્વ આપે છે. પરિણામે કમજોરી આવે છે.

પોતાની જાતે પોતાનો પગાર કે ભથ્થાં જેવી સગવડો મંજૂર કરી લેતા આપણા ધારાસભ્યો અને સાંસદોએ આ પ્રશ્ને ગંભીર થઈ વિચારવું પડશે. આમાં કોઇ રાજકીય મતભેદો કે ટીકાનો પ્રશ્ન નથી. આવા પ્રશ્ને રાષ્ટ્રીય સર્વસંમતિ બનવી જોઇએ અને સુનિશ્ચિત કાર્યક્રમ ઘડાવો જોઇએ તથા તેના યોગ્ય અમલ માટે પૂરતું ભંડોળ તથા સ્ટાફની સત્વરે વ્યવસ્થા થવી જોઇએ. દેશમાં પ્રતિવર્ષ ૫૫ હજાર મહિલાઓ પ્રસૂતિ સમયે મોતને ભેટે છે. ૧૩ લાખ બાળકો પોતાનો પ્રથમ જન્મદિવસ પણ ઉજવી શકતાંનથી. ગામડામાં હજારે ૫૫ અને શહેરોમાં ૩૪ બાળકોનો મૃત્યુદર છે. ૫૦ ટકા જેટલાં બાળકો અઢીકિલો કે તેનાથી પણ ઓછા વજનનાં જન્મે છે. જેમને માટે લાંબું જીવવાની શક્યતા ઓછી છે. આ સ્થિતિમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો અને સ્વૈચ્છિક સંગઠનોની સંયુક્ત ભૂમિકા જ સકારાત્મક કામ કરી શકશે.

# દૂધમાં ભેળસેળ અને નકલી દૂધ



જે દેશમાં ૭૦ ટકા દૂધમાં ભેળસેળ માલૂમ પડે તે દેશમાં કુપોષણની સમસ્યા વિકરાળ બને તેમાં નવાઇ શું ? દૂધ જેવો પાયાનો રોજિંદો પોષક આહાર પણ શુદ્ધ ન હોય તો પછી બીજી બધી ખાદ્યચીજોમાં ભેળસેળનું તો પૂછવું જ શું ? વિદેશોમાં ખાદ્યવસ્તુઓમાં ભેળસેળ માટે કડક કાયદા છે. ચીન જેવા દેશમાં તો ભેળસેળ કરનારને ફાંસી અપાય છે. જો કે આપણે ત્યાં તો આંતકવાદીને પણ ફાંસી નથી અપાતી પછી ભેળસેળિયા માટે ફાંસીની અપેક્ષા ક્યાંથી રાખવી ? માત્ર દૂધમાં ભેળસેળ જ થતી નથી. પહેલાં માત્ર થોડું પાણી રેડાતું હવે તો આખુ દૂધ જ કુત્રિમ રીતે ઘીની પેઠે બનાવીને વેચાય છે. ક્યાંક દોષિતો પકડાય છે અને છૂટી પણ જાય છે. ભેળસેળ પકડનારું તંત્ર પણ ભ્રષ્ટાચારી છે. પણ તેમને ખબર નથી કે તેમના પરિવારજનો પણ આવું ભેળસેળિયું જ ખાય છે. તહેવારો આવે એટલે દેખાડાના દરોડા પડાય પણ તેમાં ભેળસેળ છે કે નહીં તે નક્કી કરતાં લાંબો સમય જાય. કેસ થાય અને મામૂલી સજા થાય. એમાં કાંઇ નાનો દૂધવાળો, મીઠાઇવાળો કે કેરોસીનનો ફેરિયો હોય. કોઇ મોટા મગરમચ્છ ભેળસેળિયા તો ભાગ્યે જ જાળમાં આવે અને આવે તો વ્યવહારથી બધું પતી જાય

માત્ર દૂધ, ઘી કે માવો જ નહીં દવાઓ પણ નકલી બને છે અને હવે તો દેશમાં કરોડોની નકલી નોટો પણ ચલણ સ્વરૂપે ફરતી પકડાય છે ત્યારે થાય છે કે રોજ ધાર્મિકકથાઓ અને યજ્ઞો કરતી અને સાંભળતી આપણી પ્રજામાંથી નૈતિકતા કે મૂલ્યો ક્યાં ગયાં છે ? ભેળસેળ એ અધર્મ જ છે. ભેળસેળિયો આંગણવાડીમાં દાન કરતો થઇ જાય છે. આંગણવાડીના બાળકો કુપોષણનો શિકાર બનતા હોય છે.

# ચૂંટણીમાં સંયમ અને વિવેકનો દુકાળ





ચૂંટણીમાં જીતનું સાધ્ય હોય છે પછી સાધનો ભલે ગમે તેવાં વાપરવાં પડે. પહેલા માત્ર સાડી, દારૂ, વાસણ કે જ્ઞાતિ દ્વારા મતદારોને પોતાના તરફી કરવાની રાજકીયપક્ષો ચાલ ચાલતા હતા. હવે જે ઉમેદવાર જીતી શકે તેવો હોય તેને જ ઉમેદવાર બનાવાય છે. નથી જોવાતો તેનો ભૂતકાળ, અભ્યાસ કે લાયકાત. પરિણામે આપણાં સંસદ અને ધારાગૃહો કરોડપતિઓ અને અપરાધીઓથી ઉભરાય છે. ધનપતિઓને ગમે તે રીતે પોતાનાં આર્થિક સામ્રાજ્ય વિસ્તારવાં છે તો અપરાધીઓને યેનકેન પ્રકારેણ સત્તા મેળવીને સંપત્તિ એકઠી કરવી છે. આવા રાજનેતાઓનાં ફાલને કારણે સંસદીય લોકશાહીમાંથી લોકોનો વિશ્વાસ ઉઠતો જાય છે હમણાંથી તો સ્ત્રીઓનો સેક્સ કૌભાંડમાં પણ નેતાઓ સંડોવાયાં છે.

જે સભ્યો ચૂંટણીમાં કે બહાર જે ગંદી ભાષાનો ઉપયોગ કરે છે તે ચૂંટાયા પછી પણ ગૃહમાં તેવી જ ભાષા વાપરે છે. પરિણામે સંસદ સડક જેવી લાગે છે. કેમ કે ગૃહોમાં સડકછાપ નેતાઓ ચૂંટાય છે.

ચૂંટણી કોઇ મુદ્દા કે વિકાસ કાર્યને આધારિત કાર્યક્રમથી લડાય તો ઉચિત ગણાય પણ માત્ર વ્યક્તિગત આક્ષેપોથી લડાય તે સંસદીય લોકશાહી માટે ઘૃણાસ્પદ છે. છેલ્લા થોડા વર્ષોમાં ચૂંટણીપંચ જાગૃત અને ખરા અર્થમાં સ્વાયત્ત બનતું જાય છે. તે સરમુખત્યારી માનસ ધરાવતા રાજનેતાઓને ગમતું નથી. ઉ.પ્રદેશમાં હાથીનાં હજારો પૂતળાં ઢાંકી દેવાય છે. પ્રજાએ આવાં પૂતળાં પાછળ નાણાંનો વ્યય કરનાર પક્ષનો હિસાબ માંગવો જોઇએ. આવા ખર્ચમાંથી કેટલાય ગામોને પાણી, રસ્તા, વીજળી કે શાળાની સુવિધા આપી શકાય. એક મુખ્યમંત્રીના પક્ષનું નિશાન હાથી ઢંકાય એટલે બીજા રાજ્યના મુખ્યમંત્રી કહે છે કે રાષ્ટ્રીય પરેડમાં હાથી પર બહાદુર બાળકો હશે તેનું શું કરશો ? એક જવાબદાર મુખ્યમંત્રી અને વડાપ્રધાનપદની દાવેદાર વ્યક્તિ આવી વાહિયાત દલીલ કરે ત્યારે થાય છે કે સરમુખત્યાર શાસકોને બંધારણીય સંસ્થાઓમાં વિશ્વાસ હોતો જ નથી. કેમ કે કોઇપણ પ્રકારનો અંકુશ તેમને તેમનું ધાર્યુ કરવા દેતો નથી. લાલુપ્રસાદ યાદવ, બાળઠાકરે પરિવાર, માયાવતી, દિગ્વિજયસિંહ અને નરેન્દ્ર મોદી જેવા નેતાઓનાં ચૂંટણી સમયનાં પ્રવચનો વિવેક ભાન ગુમાવી દીધાં હોય તેવાં હોય છે. જે સંસદીય લોકશાહીમાં સારી નિશાની નથી. ■

**અને અંતે**

૧૫૦ વર્ષ પહેલાં નરેન્દ્ર દત્ત થયા. આજે નરેન્દ્ર મોદી છે. નરેન્દ્ર દત્ત ધર્મ ધુરંધર હતા. નરેન્દ્ર મોદી કર્મ ધુરંધર છે. બંનેનો ઉદ્દેશ એક જ રહ્યો: સૌને સાથે લઇને વિકાસ કરવો. (ફકીરભાઇ વાઘેલાના ગોધરા સદ્ભાવનાના પ્રવચનમાંથી)